પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૫૯ | ૯ મે, ૨૦૨૩, મંગળવાર; વૈશાખ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# કેરળમાં બોટ ડૂબતાં ૨૨ નાં મોત

## કેરળમાં ઓવરલોડેડ માં અંદાજે ૪૦ જેટલાં લોકો સવાર હતા : રાષ્ટ્રપતિની સાથે મોદીએ આ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો, મોદીએ મૃતકના પરિવારજનોને રુપિયા બે લાખની રાહત આપવાની જાહેરાત કરી છે

મલપ્પુરમ, તા.૮

કેરળના મલપ્પુરમ જિલ્લાના તાનુર વિસ્તારમાં એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. ઓટ્ટુમ્પુરમ પાસે એક બોટ ડૂબી જતા મોટી દુર્ઘટના સર્જાઈ હતી. આ ઘટના રવિવારની સાંજે બની હતી. ત્યારે આ બોટમાં સવાર બાળકો સહિત ૨૨ લોકોનાં અત્યાર સુધીમાં મોત થઈ ચૂક્યા છે. કેરળના મંત્રી વી અબ્દુર્રહિમને આ વાતની જાણકારી આપી હતી. પોલીસે જણાવ્યું કે, દુર્ઘટના સ્થળેથી મળેલી પ્રાથમિક સૂચના મુજબ, બોટમાં લગભગ ૪૦ જેટલાં પર્યટકો સવાર હતા. આ દુર્ઘટનામાં ઘાયલ થયેલા લોકોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસે એવું પણ જણાવ્યું કે, કેટલીક એમ્બ્યુલન્સ, બચાવકર્મીઓ અને સ્વયંસેવકો દ્વારા હાલ બચાવ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. તેઓએ જણાવ્યું કે, જો કે, આ દુર્ઘટના કયા કારણોસર બની એ હજુ સુધી જાણવા મળ્યુ નથી. રવિવારની મોડી સાંજે આ દુર્ઘટના બની હતી. બનાવની જાણ થતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. બાદમાં બનાવની જાણ પોલીસ અને બચાવકર્મીઓને

● અનુસંધાન પાન-૭ પર

## રાજસ્થાનમાંથી લિથિયમનો વિશાળ ભંડાર મળી આવ્યો

### હવે ભારતે લિથિયમ માટે ચીન, ચિલી જેવા ઘણા દેશો પર નિર્ભર રહેવું પડશે નહી, દેગાનામાં મળેલો ભંડાર ભારતની લિથિયમની ૮૦ ટકા માગને પૂરી કરી શકે છે

જયપુર, તા.૮

જમ્મુ-કાશ્મીરમાં લિથિયમનો મોટો જથ્થો મળ્યા બાદ હવે રાજસ્થાનમાંથી સારા સમાચાર આવી રહ્યા છે, ત્યાં પણ હાલ એક વિશાળ લિથિયમનો ભંડાર મળી આવ્યો છે. હવે ભારતે લિથિયમ માટે ચીન, ચિલી જેવા ઘણા દેશો પર નિર્ભર રહેવું પડશે નહી. લિથિયમના સતત વધતા વૈશ્વિક બજારની વચ્ચે ભારત માટે આ એક ખૂબ સારા સમાચાર કહી શકાય છે. હાલમાં બોલિવિયા દેશ લિથિયમના ભંડારની બાબતમાં ટોચના સ્થાને છે.

અહેવાલ અનુસાર, જિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાનો દાવો છે કે રાજસ્થાનના દેગાનામાં મળેલો આ લિથિયમ ભંડાર જમ્મુ-કાશ્મીરમાં મળેલા ભંડાર કરતા પણ મોટો છે. રિપોર્ટમાં અધિકારીઓને ટાંકીને કહેવામાં આવ્યું છે કે દેગાનામાં મળેલો ભંડાર ભારતની લિથિયમની ૮૦ ટકા માંગને પૂરી કરી શકે છે.

હાલમાં, લિથિયમ અનામતની દ્રષ્ટિએ ટોચના પાંચ દેશો બોલિવિયા, ચિલી, ઓસ્ટ્રેલિયા,

● અનુસંધાન પાન-૭ પર

## વાયુસેનાનું મિગ-૨૧ ક્રેશ થતાં ૪ ગ્રામીણનાં મોત

### રાજસ્થાનના હનુમાનગઢમાં વાયુસેનાનું મિગ-૨૧ ફાઈટર વિમાન ક્રેશ થઈને મકાન પર પડ્યું, બંને પાઈલટ સુરક્ષિત

જયપુર, તા.૮

રાજસ્થાનથી વધુ એક મોટા સમાચાર આવી રહ્યા છે. અહીં હનુમાનગઢમાં વાયુસેનાનું મિગ-૨૧ ફાઈટર પ્લેન ક્રેશ થઈ ગયું છે. આ દુર્ઘટનામાં ૪ ગ્રામીણના મોતના અહેવાલ મળી રહ્યા છે. આ વિમાન ક્રેશ થઈને એક મકાન પર પડ્યું હતું.

માહિતી અનુસાર બંને પાઈલટ પણ સુરક્ષિત છે. ઘટનાની જાણ થતાં જ ગ્રામીણો અને સ્થાનિકો ઘટનાસ્થળે તાત્કાલિક દોડી આવ્યા હતા. હનુમાનગઢના બહલોલ નગરમાં આ ઘટના બની હોવાની માહિતી મળી છે. માહિતી અનુસાર ઘટના સમયે ઘરમાં ચાર

● અનુસંધાન પાન-૭ પર

## ૧૦ લાખના ઈનામી અમરજીત સહિત પાંચ નક્સલવાદીઓનું આત્મસમર્પણ

### ઓપરેશન નવી દિશા હેઠળ આત્મસમર્પણ કર્યું : તેમના આત્મસમર્પણ સાથે જ છેલ્લા ૩૦ વર્ષથી સીપીઆઈ માઓવાદીઓનો ગઢ ગણાતા કૌલેશ્વરી સબ-ઝોનનો સફાયો

રાંચી, તા.૮

પાંચ કુખ્યાત નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે. આ નક્સલીઓએ ઝારખંડ પોલીસ

સોમવારે ઝારખંડ પોલીસ સમક્ષ અને સીઆરપીએફ સમક્ષ આત્મસમર્પણ કર્યું છે. આમાં સીપીઆઈ માઓવાદીના ઝોનલ કમાન્ડર અમરજીત યાદવ ઉર્ફે ટીંગુ પણ સામેલ છે જેના પર ૧૦ લાખનું ઈનામ હતું. આત્મસમર્પણ કરનારાઓમાં સબ-ઝોનલ કમાન્ડર સહદેવ યાદવ ઉર્ફે લતન, બે સબ-ઝોનલ કમાન્ડર નીરુ યાદવ ઉર્ફે સલીમ અને સંતોષ ભુઈયા ઉર્ફે સુકન સહિત ત્રણ વધુ નક્સલવાદીઓ ઉપરાંત એક ટુકડીના સભ્ય અશોક બૈગા ઉર્ફે અશોક પરહિયા પણ સામેલ છે.

આ નક્સલવાદીઓએ રાજ્ય સરકારની આત્મસમર્પણ અને પુનર્વસન નીતિ 'ઓપરેશન નવી દિશા' હેઠળ આત્મસમર્પણ કર્યું છે. આઈજી રાંચીની કાર્યાલયમાં તેમનું વિધિવત આત્મસમર્પણ થયું. આ પ્રસંગે ઝારખંડ પોલીસ અને સીઆરપીએફના ઉચ્ચ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

## જિલ્લા રિઝર્વ ગાર્ડ-નક્સલીઓની અથડામણમાં બે નક્સલવાદી ઠાર

રાયપુર, તા.૮

છત્તીસગઢના સુકમા જિલ્લાના ભેજાઈ વિસ્તારમાં જિલ્લા રિઝર્વ ગાર્ડ અને નક્સલીઓ વચ્ચે અથડામણ થઈ. જેમાં એક મહિલા સહિત બે નક્સલી માર્યા ગયા. પોલીસે સોમવારે આ જાણકારી આપી છે. સુકમા પોલીસે કહ્યુ કે અથડામણમાં બે નક્સલીઓને ઠાર મરાયા છે. હજુ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલુ છે.

## મુંબઈ એરપોર્ટ પર ૨.૧ કરોડના સોના સાથે ૧૧ની ધરપકડ

મુંબઈ, તા.૮

સોનાની તસ્કરી કરતી ગેંગનો પર્દાફાશ થઈ ગયો છે. બેંગકોક, દુબઈથી મુંબઈ સુધી સોનાની તસ્કરીના તાર જોડાયેલા હતા. આ તસ્કરી કરતી ગેંગનો અત્યારે પર્દાફાશ થઈ ચૂક્યો છે. મુંબઈ એરપોર્ટ પરથી ડીઆરઆઈએ ૩.૩૫ કિલોગ્રામ સોનું જપ્ત કરી લીધું છે. જેની અંદાજે કિંમત ૨.૧ કરોડ રૂપિયાની આસપાસ હોવાનું સામે આવ્યું છે. પોલીસે આ કાર્યવાહી દરમિયાન ૧૧ લોકોની ધરપકડ પણ કરી લીધી છે. પરંતુ આ દરમિયાન જેવી રીતે આ સોનાની તસ્કરી થઈ રહી હતી તે અત્યંત ચોંકાવનારુ હતું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે તસ્કરો સોનાના પ્રવાહીને સિલિન્ડર શેપની નાની કેપ્સ્યૂલમાં ભરતા હતા. આ એક કેપ્સ્યૂલમાં લગભગ અડધો કિલો સોનું આવી જાય

● અનુસંધાન પાન-૭ પર

ઓનલાઈન ઓર્ડર માટે સ્કેન કરો.
Fresh World
VEGGIES AND FRUITS UNDER ONE ROOF
અમારા દ્વારા લંડન અને કેનેડામાં એક્સપોર્ટ કરાયેલ કેરી હવે આપણા અમદાવાદ માં
ALPHONSO MANGO
KESAR MANGO

| હાપુસ | કેરીનું નેટ વજન | કિંમત |
|---|---|---|
| ૬ નંગ | ૧.૫ કિલો | ₹૪૦૦/- |
| ૧૨ નંગ | ૩ કિલો | ₹૮૦૦/- |

| કેસર | કેરીનું નેટ વજન | કિંમત |
|---|---|---|
| ૬ નંગ | ૧.૫ કિલો | ₹૨૦૦/- |
| ૧૨ નંગ | ૩ કિલો | ₹૪૦૦/- |
| - | ૫ કિલો | ₹૬૦૦/- |

કોર્પોરેટ ગિફ્ટ પેક અને કસ્ટમાઇઝ પેકેજીંગ તમારી કંપનીના બ્રાન્ડિંગ સાથે કરી આપવામાં આવશે.
ફક્ત મંગળવાર, બુધવાર અને ગુરુવાર માટેની આકર્ષક ઓફર
૧૦૦% નેચરલ પદ્ધતિથી કેરી પકવવામાં આવેલી છે.
● શોપ નં. ૧૧, ફ્રેશ વર્લ્ડ મહાલક્ષ્મી માર્કેટ, દાદી ડાઇનીંગ હોલની નીચે, પાલડી, અમદાવાદ
● અપના બાઝાર, સેક્ટર ૭ અને સેક્ટર ૨૧, ગાંધીનગર - ૩૮૨૦૧૦
Email ID: info@enjoyimpex.com | Website : www.enjoyimpex.com
Whatsapp Order/ Customer Care: +91 6359556699
A VENTURE OF ENJOY IMPEX LLP

M.D.GROUP TUITION
• Std. 11-12 Maths - Phy - Chem - Bio
• Std. 11-12 Accounts - Statistics - Eco - BST
Std. 6 to 10 Maths - Science - English & S.S* Both Medium
IELTS & UPSC-GPSC-IAS-IPS
ICSE - CBSE - GSEB - IB - ISC
Group and Personal Tuition at your home
ICSE Specialist M.D. SIR
Director : M.D. Patel (M.D. SIR) Elect. Engg.& B.Sc. Maths.)
Branch : (1) F-3-4 Sarthak Fortune Mall, Nr. City Pulse, Urjanagar, Kudasan. (2) Sargasan (3) Plot No. 353/1, Sec.2-B
Mo. 9377128297, 8849161449

જોઈએ છે
ફીલ્ડ ઓફીસર - બાઉન્સર, સિક્યુરીટી સુપરવાઈઝર, સિક્યુરીટી ગાર્ડ, લેડીઝ સિક્યુરીટી ગાર્ડ, સફાઈ કામદાર, સફાઈ કામદાર સુપરવાઈઝર
પગાર ધોરણ અનુભવને આધારે નક્કી કરવામાં આવશે.
અભય મેન પાવર સર્વિસ
૩૨૯, ત્રીજો માળ, રાધે સ્કવેર, કુડાસણ, ગાંધીનગર
રૂબરૂ મળવા આવવાનો સમય :
સોમવારથી શનિવાર સવારે ૧૨-૦૦ થી ૬-૩૦

દેવસ્ય એટલે કિડની અને કિડની એટલે દેવસ્ય
devasya® Since 1994
DEVASYA SUPERSPECIALITY KIDNEY & MULTISPECIALITY HOSPITALS
GANDHINAGAR
First Time in GANDHINAGAR
FREE VIDEO CONSULTATION
with Devasya Hospital
- Thullium Laser for Prostate
- Holmium Laser for Stone
- Laparoscopic Surgery for Uterus / Ovaries
- Kidney, Prostate, Bladder, Penile, Breast, Intestine, Tongue, Jaw, Lung, Bone Cancer
- Laparoscopic Surgery for Gall-bladder, Appendix
- Piles / Hemorrhoids / Fissure / Fistula
- Cashless Facility of All Mediclaim Companies
- Joint replacement surgery
- Fracture & all Orthopedic diseases
Free Video Consultation (10 Min*) - after that Rs. 250 per 10 min
UPI Payment Number Only : 98250 14296
Book Your Appointment 90999 45656
Send your reports in advance on WHATSAPP : 90999 45656
DEVASYA SUPERSPECIALITY KIDNEY & MULTISPECIALITY HOSPITALS
Shyam Residency, Opp. Pramukh Arcade Residency, Nr. Reliance Circle, Kudasan, Gandhinagar.